**ફોજદારી કેસ નં.૮૬૦૮૩/૧૯ નાં કામે આંક–૧ નીચે હુકમ..**

.................................................................................................

**આરોપી સામે ઈ.પી.કોડની કલમઃ૧૮૮,જી.પી.એકટનીકલમઃ૧૩૧ નું ચાર્જસીટ રજુ થયેલ છે. જે સંબધે અદાલતની કોઈ પરવાનગી લીધેલ હોય કે ફરીયાદ કરનાર અધિકારીએ લ ેખિતમાં ફરીયાદ કરનાર અધિકારીએ લેખિતમાં ફરીયાદ અદાલતમાં આપેલ હોય તેવું જણાતું નથી. નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો** 1999(1) G.L.H. 203 A.K. TRIVEDI. J. Ramji Bhikha Koli & Ors. Versus State of Gujarat ( FOR QUASHING & SET ASIDE FIR/ORDER) NO.24632 OF 2015 GOVARDHANKUMAR THAKORDAS ASRANI Versus STATE OF GUJARAT **તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો** R/SPECIAL CRIMINAL APPLICATION NO.4105 OF 2017 MOHAMADMOHSIN MOHAMADIRFAN CHHALOTIYA Versus STATE OF GUJARAT **ધ્યાને લેતાં પણ ઈ.પી.કોડની કલમઃ૧૮૮ નાં ગુના સંબધે ક્રિ.પ્રો.કોડની કલમઃ૧૯૫ નો બાધ ધ્યાને લેતા તેમાં કાયદા મુજબની પ્રક્રિયા અપનાવવામાં આવેલ ન હોવાનું સ્પષ્ટ થાય છે અને તે સંજોગોમાં આરોપી સામેની કાર્યવાહી ચાલવા પાત્ર જણાતી નથી. જેથી પોલીસે ક્રિ.પ્રો. કોડની કલમઃ૧૫૫ મુજબની કોઈ મંજુરી લીધેલ ન હોઈ તેમજ અદાલતમાં કોઈ લેખિત ફરીયાદ આપેલ ન હોઈ, આ કાર્યવાહી આગળ ચલાવી શકાય તેમ ન હોઈ નામ.વડી અદાલતનાં ચુકાદાનાં આધારે નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.**

**–:હુકમ:–**

**આરોપી સામે હાલની કાર્યવાહી સી.આર.પી.સી.ક.૨૫૮ અન્વયે બંધ કરવામાં આવે છે.આરોપીને આ ગુનામાંથી ડીસ્ચાર્જ કરવાનો હુકમ કરવામાં આવે છે.**

**હુકમ આજ તા.૧૪/૧૨/૧૯નાં રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

**(બરકતખાન એચ.ઘાસુરા)**
**એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,**
**કોર્ટ નં.૧૭, અમદાવાદ**
**જજ કોડ જી.જે.૦૦૯૮૩**

**અમદાવાદ**
**તા.૧૪/૧૨/૧૯**